

October2022 | Issue No. 35 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા 3 પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



*આનંદ અને શીખવા માટે ઉંમર ક્યારેય બાધારૂપ નથી બનતી....*

# મીઠા આવકારનું પ્રતિક એટલે  રેહાન !







રેહાન એક  ઉત્સાહી, આનંદી, મળતાવડો 13 વર્ષનું બાળક જયારે તે સેન્ટર પર આવેલ.  માઇલ્ડ (સાધારણ) માનસિક  વિકલાંગતા તેને હતી. પરંતુ સેન્ટર પર આવ્યા બાદ, ધીરે ધીરે તે તે અન્ય ને પણ પ્રેરણા પૂરી પાડે એવી પ્રગતિ કરી રહ્યો છે. જે ખરેખર અદ્દભુત છે. દાણીલીમડા સેન્ટરમાં જો જાઓ તો તે તમને ચોક્કસ આવકારતો નજરે ચડે. તે મુલાકાતીઓને હોંશભેર સ્વાગત કરે છે અને દરેક ક્લાસમાં લઇ જઇ તેના વિષે માહિતી આપવા માટે તત્પર હોય છે. તે ખુબ સારો ચિત્રકાર પણ છે. સેન્ટરનાં દરેક કાર્યક્રમ, પ્રવૃતિમાં તેની સહભાગિતા ચોક્કસ જોવા મળે જ છે.

લોકડાઉનની શરૂઆતમાં તે ખુબ જ પરેશાન થઇ ગયો હતો. કારણ કે તેને સેન્ટરના તેના મિત્રો અને ત્યાં આવનાર મુલાકાતીઓ ની ખુબ યાદ આવતી હતી. તેને આ મહામારીની ગંભીરતા તેને સમજાવવા શિક્ષક અને પરિવાર ને ચોક્કસ થોડો સમય લાગ્યો. આ બાબતની ગંભીરતા સમજ્યા બાદ, તે ફળિયામાં જે પણ માસ્ક પહેર્યા વગર ફરતા કે બાળકો રમતા હોય તો તેનાં પર ગુસ્સો કરવા લાગ્યો. અને માસ્ક પહેરવું જોઈએ એની ગંભીરતા સહજ રીતે એણે દર્શાવી. બીજું ઓનલાઈન કલાસ દરમ્યાન  તેને  પ્રવૃત્તિ માં વ્યસ્ત રાખવું અને કલાસ માં તે સ્થિર બેસી શકે તે ચોક્કસ શિક્ષકો માટે પડકાર હતું. અને તેથી જ શિક્ષકો એ નાના સેસન પણ વધારે લેવાના એવી રણનીતિ બનાવી હતી.

રેહાનની મમ્મી પ્રભાતને હમેશા સહયોગ આપ્યો છે. જેમ કે, સેન્ટર માં નવા જોડાયેલ બાળકોના માતા પિતા ને સેન્ટરથી અવગત કરાવવા, માર્ગદર્શન અને સલાહ આપતા હોય છે. લોકડાઉન માં તો તેમણે પણ રેહાન ને શીખવવા માટે નવી નવી પ્રવૃતિઓ પણ બનાવી હતી. તેને જોતા પ્રભાતે તેને અન્ય માતાઓને આ માટે પ્રશિક્ષિત કરવાનું પણ કહ્યું હતું. તે હમેશા દરેક પ્રકારના પ્રભાત પ્રશિક્ષણ જે સ્પેશીયલ બાળકની સારવાર કરવા માટે હોય છે તેમાં તે હમેશા સક્રિય રૂપથી સહભાગી બની છે.

રેહાન એક દિવસ પણ ગેરહાજર રહ્યા વિના રીતે સેન્ટર પર આવે છે. હાલ તે 17 વર્ષનો છે અને તે પ્રી – વોકેશનલ યુનિટ માં પ્રશિક્ષણ લઇ રહ્યો છે. તે પોતાની મનગમતી રમતો ની સ્પર્ધા માટે હમેશા તૈયાર હોય છે. દોડ, લાંબી કુદ  અને ગોળા ફેંક તેની પ્રિય રમતો છે જેમાં તેણે ખેલ મહા કુંભ માં ભાગ લીધો હતો.

બડી ઈન્ટરેકશન થી તે તેના મિત્રો સાથે ખુબ એન્જોય કરે છે. તે તેની આસપાસ વાતાવરણને આનંદિત કરી દે છે. આપની સેન્ટરની મુલાકાત એને મળ્યા વગર અધુરી છે.

# મંથલી અપડેટ

**ઉજવણી અને તહેવારોનો આ મહિનો :** દરેક તહેવારોને પરિવારની જેમ જ પ્રભાતમાં ઉજવવામાં આવે છે. છેલ્લી ઘડી સુધી દીવડાઓની તૈયારીમાં દરેક વ્યસ્ત હતા. અહી પ્રભાત અન્ય શાળાઓનાં બાળકો પણ હોંશભેર ભાગ લઇ પોતાની લાગણીઓને દીવડામાં કંડારિત કરે છે. 6 શાળાઓ આ વખતે સાથે રહી. એમાં ધોરણ 10 ની મુસ્કાન પોતાને થયેલ અનુભવની વાત કરે છે કે, " દિવડાઓને રંગીન મેં પહેલીવાર કર્યુ છે. આ કરવાથી ખુબ શાંતિ તો મળે જ છે સાથે અને તેના રંગો જોઇને ખુબ મજા આવે છે. હું ઇચ્છું છું કે દરે વર્ષે અમે આવી સરસ પ્રવૃતિ માં ભાગ લઇએ."

દિવાળી માટે સફાઈ બાદ, ડેહલા અને સેન્ટરમાં ફૂબાળકો અને ટીમ દ્વારા ફૂલોથી, વિવિધ રંગોથી રંગોળીઓ કરી નવું જ સ્વરૂપ આપી દેવામાં આવ્યું. ઈદ અને દિવાળી નિમિતે પ્રભાતનાં શુભેચ્છકો દ્વારા બાળકોને પ્રેમથી મીઠાઈઓ, નાસ્તા, ગીફ્ટ મોકલી હતી જે બાળકોનાં ઉત્સાહમાં ઉમેરાઇ. વળી,આ બધામાં કંઇક વિશેષ પ્રભાતમાં હંમેશની જેમ બન્યું. સેન્ટર પર આવતા ઈબ્રાહીમનાં દાદા દ્વારા બાળકોને દિવાળી નિમિતે દાબેલી, ડ્રાયફ્રુટ સેવૈયા બાળકોને આપવામાં આવી. દરેક ધર્મના તહેવારોને એક સમાન લાગણીથી ઉજવવાની વાતને ફરી વાચા મળી.

**ગાંધી જયંતીની ઉજવણી :** ગાંધીજીનાં સિદ્ધાંતો હમેશા સાંપ્રત રહ્યા છે દરેક સમય અને સ્થળ માટે માર્ગદર્શક છે અને તેથી જ તેના જન્મદિને તેની ઉજવણી પણ ખાસ હોય છે. એપ્રોચ સંસ્થા દ્વારા આયોજિત હેપી સ્ટ્રીટ માં થયેલ ઇવેન્ટ પ્રભાતનાં બાળકો સહભાગી બન્યા હતા. જેમાં તેમને બહાર આવીને નાચ્યા, ગીતો ગાવા, રમતો રમી અને નવા મિત્રો પણ બનાવ્યા. શહેરની અન્ય શાળાઓના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. વ્યક્તિગત સ્તરે, બાળકો અને સંસ્થાનો સાથે નેટવર્ક કરવાનું પ્રભાત માટે આ એક અસરકારક પ્લેટફોર્મ બન્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રિવરસાઇડ સ્કૂલના સહયોગથી પરિવહન પૂરું પાડવામાં આવ્યું હતું

**લર્નિંગ એક્ટીવીટી :** આ મહિનામાં મોટે ભાગે દિવાળી પૂર્વ તૈયારી અને ઉજવણી ની સાથે સ્પોર્ટ્સ ને લઈને પ્રવૃતિઓ કરવામાં આવી. જેમાં એક જ મેદાન પર આવ્યા બાળકો અને પેરેન્ટ્સને પણ જોઈ શકાયા. બાળકો અને પેરેન્ટ્સ સાથે હમેશા એક તાદાત્મ્ય જળવાય અને પેરેન્ટ્સ ની હુંફ બાળકોને અલગ અલગ રીતે મળતી રહે તે માટે પ્રભાત બાળકો અને પેરેન્ટ્સ બંને સાથે પ્રવૃત્તિઓ કરે છે. દિવાળીના વેકેશનનાં છેલ્લા દિવસને યાદગાર બનાવવા બેરલ માર્કેટ – ડેહલામાં ક્રિકેટ રમવામાં આવી. મોટેભાગે બાળકોની મમ્મીઓ , એક પિતા અને એક દાદી જેમણે બાળકોની સાથે ક્રિકેટ રમી. શરૂઆત માં થોડો ખચકાટ , સંકોચ પણ પછી દરેક બાળકની સાથે જાણે બાળક બની ગયા હતા. અને દરેકે ક્રિકેટને એન્જોય કર્યું. સામાન્ય ન હોય તેવું જ હમેશા 'અસામાન્ય કામ 'કરી દાખલો બેસાડતી પ્રભાતની ટીમ પણ એમાં જોડાઇ.

**એક દિન 'પ્રભાત કે નામ ' :** પોતાની ખુશીને પ્રભાતના બાળકો સાથે વહેંચવું એક લ્હાવો છે. અને જે પ્રભાતને જાણે છે તે આ લ્હાવો લેવાનું ચુકતા નથી. ખુશ્બુ બહેન , ફૈઝાન અને રાજોરિયા અમિત, દિવ્ય (મનીષ ભાઈ ફીઝીયો થેરાપીના પુત્ર ) આ દરેકે પોતાના જન્મદિવસ ની ઉજવણી સેન્ટર પર કરી અને દિવસને પ્રભાત અને તેમના માટે યાદગાર બનાવ્યો.

**પ્રભાતની સફરમાં નવી સંસ્થાનનું નવું જોડાણ :** પ્રભાતની સફરમાં હમેશા નવા અને ઉર્જાવાન સંસ્થાઓ, વ્યક્તિઓ જોડાતા રહે તે શૈલી પ્રભાતની રહી છે. આ મહીને બડી **ઇન્ટરેક્શન મોડલને આગળ વધારવા માટે** સી.એન. વિદ્યાલય સાથે. જેમના દ્વારા સેન્ટરની મુલાકાત પણ કરવામાં આવી. ગુજરાત યુનિવર્સિટીના ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ સાથે સ્વયંસેવકો અને ઇન્ટર્નસ માટે, શાખા- ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન નેટવર્ક સાથે ખાસ કરીને પ્રભાત ટીમનાં સંચાર- સંદેશાવ્યવહાર નાં સંદર્ભમાં પ્રશિક્ષણ માટે અને ઇન્ડસ યુનિવર્સિટી સાથે આર્કિટેક્ચર સ્વયંસેવકો માટે કરવામાં આવેલ.

**દિલ સે કાફી કેફે :** કોઇ પણ વ્યક્તિ જયારે કાર્ય માટે જવાબદેહ બને છે ત્યાર હમેશા તેનું પરિણામ કંઇક અલગ જ સ્તર પર જોવા મળે છે. એવું જ રીવરસાઇડ શાળાનાં ગ્રેડ 6 નાં બાળકો કરી રહ્યા છે. ગયા અંકમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે તેઓ કેફેટ એર્યમાં ડિઝાઇન તૈયાર કરવાના છે અને જેની ઉત્સુકતા સાથે જેની રાહ જોવાતી હતી તે સંદર્ભે આ મહીને તેમના દ્વારા કેફેટ એરિયાની ડીઝાઇનનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જે દરેકને પસંદ પડી અને તેને ફાઈનલ કરવામાં અદ્દ્ભુત અને સરાહનીય બાબત એમાં એ પણ બની કે, અમલીકરણ માટે તેઓ અમુક નાણાકીય રકમ માટે ફંડ રેઇલ કરશે જે ખરેખર અદ્દ્ભુત છે. તેમના કાર્ય ને જોવા માટે નીચે લિંક આપેલ છે.

https://prabhateducationfoundation.org/wp-content/uploads/2022/11/Dil-Se-Kaafi-Cafe.pdf

નવા વોલીયન્ટીયર્સ : લાંબા સમયથી અમદાવાદ યુનિવર્સીટી સાથે જોડાણ છે અને તેમના વોલીએન્ટર ઇન્ટર્નશીપ પ્રભાત સાથે કરે છે. જે વિદ્યાર્થીઓ અને પ્રભાત બંનેને ઉપયોગી બને છે. આ મહીને કોર્ડીનેટર શ્રી જૈનાલી શાહ સાથે ઝૂમ મીટીંગ કરી પ્રાથમિક તબક્કાની મીટીંગ કરવામાં આવી. અને જેમાં પ્રભાત સંસ્થાનું ઓરીએન્ટેશન કરવામાં આવ્યું અને સાથે ઇન્ટર્નશીપ માટેના વિષયો પણ રજુ કરવામાં આવ્યા. આ મીટીંગ બાદ, વિષયોને ઊંડાણથી સમજવા ઇન્ટર્નશીપમાં જોડાયેલ 8 વિદ્યાર્થીઓએ પ્રભાત નાં સેન્ટર ની મુલાકાત કરી ટીમ સાથે સંવાદ કરેલ. આ વિષયો છે : ઘરે ફર્સ્ટ એઇડ સંદર્ભે, કાર્ય સ્થળ પર ખરાબ આદતોથી દુર રહી નિર્ણય લેવાની ક્ષમતા વિકસે તે પ્રકારના વિષયો પર ફ્લીપ કાર્ડ બનવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**સહાયક સેવાઓ :** સી.આર.સી. Composite Regional Centre, Ahmedabad સંકલન કરી મેડીકલ સર્ટીફીકેટ -3 , રેલ્વે પાસ ઓનલાઈન ફોર્મ -3, એસ.ટી. ઓનલાઈન ફોર્મ -2 , બગલગોડી -2 , વોકર -1 , વ્હીલ ચેર -3 , હિયરીંગ મશીન 11, સીપી ચેર -3 , પેન્શન સહાય ફોર્મ -8 માટે આપવામાં આવેલ છે.

*દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓને દિવડા રૂપી પ્રભાતના શુભેચ્છકોને આપવું એ પ્રભાતની પરંપરા બની ગઇ છે. આ વર્ષે પણ પ્રભાતના પરિવાર એટલે કે, સમુદાયના ભાઈ- બહેનો, માતા –પિતા, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો,અ આંગણવાડી કાર્યકર અને ટીમ સાથે રહી 20, 000 દિવડાઓ બનાવી શુભેચ્છકો ને સુધી હોંશભેર આપવામાં આવ્યા.*

# ફોટો ગેલરી















**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org